# વાલી મંડળ



**ડૉ. મહેશકુમાર આર. સોલંકી**
કન્વીનર

શાળામાં વર્ગશિક્ષણને અસરકારક તથા બાળકનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટે અભ્યાસની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેમ કે પ્રવાસ-પર્યટન, વાલી-સંમેલન, વર્ગ-સુશોભન, વિવિધ સ્પર્ધાઓ, વિશિષ્ટ દિનની ઉજવણી, યુવા-સપ્તાહની ઉજવણી, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ ખૂબ જ મહત્ત્વની છે. જેનાથી સ્પર્ધાત્મક વાતાવરણ દ્વારા તાલીમાર્થીની આવડત, ધગશ અને ઉત્સાહને પ્રોત્સાહિત કરી તેમની જીજ્ઞાસાવૃત્તિને સંતોષી શકાય.

સંસ્થાકીય ભાવાવરણમાં પાયાના ચાર આધારસ્તંભ એટલે શિક્ષક, વિદ્યાર્થી, વાલી (સમાજ) અને સંચાલક. જેમાં વાલીઓ (સમાજ)નો દરેક કાર્યમાં આંતરિક અને બાહ્ય સહયોગ, સંસ્થાને બળ પૂરું પાડે છે. વાલીઓની સજાગતા, જાગૃતતા અને વિકાસાત્મક સૂચનો સંસ્થાના તમામ શૈક્ષણિક કાર્યક્રમોને ફળદાયી અને યશસ્વી બનાવે છે. જે બાબત સંસ્થાના NAAC અને AAAના મૂલ્યાંકનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ ઉપરાંત શાળા/કૉલેજ કક્ષાએ વર્ગશિક્ષકનો સીધો સમાજ સાથેનો સેતુ બંધાઈ રહે અને વાલીઓના પાલ્યની પ્રગતિનો સતત ખ્યાલ મળી રહે તેવા ઉમદા હેતુસર સંસ્થામાં આ વર્ષે વાલીમંડળની રચના તથા વાલી સંમેલન તા. ૨૬/૦૮/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં નીચે પ્રમાણેના વાલી મિત્રોનો હોદ્દેદારો તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રમુખઃ શ્રી સંજયકુમાર એન. પંચાલ, ઉપપ્રમુખ : શ્રી નવીનચંદ્ર આર. પ્રજાપતિ, મંત્રીશ્રીઃ શ્રી મહેન્દ્રભાઈ એમ. પરમાર,
સહમંત્રીશ્રીઃ શ્રી મંગળભાઈ સી. પરમાર, ખજાનચીઃ શ્રી કિરણભાઈ એમ. પરમાર.


*હાર્દિક શુભેચ્છા સહ...*

**ડૉ. દીપિકાબેન ચૌધરી**

આસિસ્ટન્ટ પ્રોફેસર

**એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કૉલેજ ઓફ એજ્યુકેશન ,**

**પેટલાદ**

**વિદ્યાસેતુ અંક નિમિત્તે હાર્દિક શુભકામના...**

*હાર્દિક શુભેચ્છા સહ...*

**સેમેસ્ટર - ૪ના તાલીમાર્થીઓ તરફથી 'વિદ્યાસેતુ' અંક માટે શુભેચ્છા...**